ગાંધીનગરની હોટલ-રેસ્ટોરન્ટ અને નાસ્તાની લારીઓ પર પિરસાતી ડુંગળી ગાયબ

ગાંધીનગર સમાચાર

હરિની દૃષ્ટિ...



જો, વોટ્સએપ પર તારા ફ્રેન્ડને એવું લખીને ના મોકલતો 'હાર્દિક' શુભેચ્છા... નહીં તો આ લોકો તને પકડી જશે અને લટકામાં વોટ્સએપ બંધ કરી દેશે...

મધુર ડેરીની ચૂંટણીનું જાહેરનામુ એકાદ સપ્તાહમાં જારી કરાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ (મધુર ડેરી)ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી માટેનું જાહેરનામુ એકાદ સપ્તાહમાં જારી કરવામાં આવશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી માટે મતદારયાદી અંગે વાંધા સૂચનો ૨૫ જેટલા મળ્યા હતા. આ અંગે પ્રાંત અધિકારી દ્વારા સુનાવણી કરવામાં આવી છે અને એકાદ સપ્તાહમાં તે અંગેના આખરી આદેશો જારી કરવામાં આવશે.

આ આખરી આદેશો જારી કરાયા બાદ તુરત જ ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. મધુર ડેરીના સીમાંકનને લઈ થયેલા વિવાદો પછી રાજ્યની વડી અદાલતમાં સીમાંકન આખરી થયું હતું.

ગાંધીનગર જિલ્લાની મહત્વની આ સહકારી સંસ્થાની ચૂંટણીને લઈ રાજકીય વાતાવરણ પણ ઉત્તેજીત બની ગયુ છે તેમજ કેટલાક સહકારી આગેવાનો અત્યારથી જ સક્રિયતા દાખવી રહ્યા છે. આ ચૂંટણી જિલ્લામાં સારો એવો રાજકીય ગરમાવો લાવશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગરના ડૉ. વર્ષાબેન પારેખને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ અપાશે

ગાંધીનગર, તા. ૨

આગામી ૫મી સપ્ટેમ્બરના રોજ દિલ્હી ખાતે દેશના શ્રેષ્ઠ શિક્ષકોને નેશનલ બેસ્ટ ટીચર એવોર્ડ એનાયત કરવામાં આવશે.

દેશના શ્રેષ્ઠ શિક્ષકો માટે દર વર્ષે અપાતા બેસ્ટ ટીચર એવોર્ડ માટે ગાંધીનગરની કડી સંકુલની એમ.બી. પટેલ શાળાના ડૉ. વર્ષાબેન પારેખની પસંદગી કરવામાં આવી છે. ડૉ. વર્ષાબેન પારેખને આ એવોર્ડ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તે એનાયત કરવામાં આવશે. ત્યારે ડૉ. વર્ષાબેન પારેખ આ પુરસ્કાર એવોર્ડ સ્વીકારવા ગાંધીનગરથી રવાના થયા છે. જે ગાંધીનગર અને ગુજરાત માટે ગૌરવની વાત છે. ઉલ્લેખનીય છે કે વર્ષાબેન પારેખને વર્ષ ૨૦૧૧માં ગુજરાતનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે.

ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર ભાજપના અગ્રણી શ્રી અશોકભાઈ ભાવસાર અને શ્રી ભગવાનદાસ પંચાલની અમદાવાદ મહાનગર-પાલિકાની ચૂંટણી માટે નીરીક્ષક તરીકે નિમણુંક થઈ છે.
- ગાંધીનગર ભાજપના પ્રભારી રમીલાબેન બારાની પણ સુરત મહાનગરપાલિકાના નીરીક્ષક તરીકે નિમણુંક કરાઈ છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી માટે આજે શિક્ષકોના ઈન્ટરવ્યુ થયા હતા.
- જિલ્લા પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે પસંદગી પામેલા ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી આજે હાથ ધરવામાં આવશે.
- ગાંધીનગર મહાનગરપાલિકાનું એક ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળ ભારત સરકારે સ્માર્ટસીટી અંગે યોજેલી બેઠકમાં હાજરી આપવા દિલ્હી જવા રવાના થયેલ છે.
- ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ૫મીએ રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ એનાયત કરાશે.
- નાયબ મામલતદારમાંથી મામલતદાર તરીકેની બઢતી માટે હાઈકોર્ટે આજે મનાઈ હૂકમ ઉઠાવી લેવાતાં એકાદ દિવસમાં ૧૫૦ જેટલા નાયબ મામલતદારોને બઢતી અપાશે.

સચિવાલય સહકારી ઉપહારગૃહ ખાતે ડેન્ટલ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨

ધી સચિવાલય સહકારી ઉપહાર ગૃહ લી. સંસ્થાની સુવર્ણ જયંતિ પ્રસંગે સભાસદો અને કર્મચારીઓના લાભાર્થે ડેન્ટલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

સચિવાલય ઉપહાર ગૃહ ખાતે આયોજીત કેમ્પમાં ૪૦૦થી વધુ સભાસદોએ લાભ લીધો હતો. આ ઉજવણી પ્રસંગને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા, પદ્યુમનસિંહ વાઘેલા, ચંદ્રેશ પટેલ, મૌલિક પટેલ, દિપક પટેલ સહિતના કર્મચારી-સભાસદો હાજર રહ્યા હતા.



એન.આઈ.સી.એમ. ઈન્સ્ટિટ્યૂટ ખાતે કલાત્મક રંગોળી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગરના પાંદરે આવેલ એન.આઈ.સી.એમ. ઈન્સ્ટિટ્યૂટ ખાતે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની વિવિધ કૉલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ બેટી બચાવો, ગ્લોબલ વોર્મિંગ જેવા વિવિધ વિષયો પર કલાત્મક રંગોળી કરવામાં આવી હતી. શહેરના પ્રવેશદ્વાર સમાન ચ-૦ પાસે આવેલ એન.આઈ.સી.એમ. કેમ્પસ ખાતે કાર્યરત જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી આંતરીક શક્તિ બહાર આવે તેવા ઉમદા હેતુથી કલાત્મક રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરની વિવિધ કૉલેજોના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં જોડાયા હતા. ઉપથી વધુ ગ્રુપ અને ૬૦થી વધુ વિદ્યાર્થીઓએ બેટી બચાવો, ગ્લોબલ વોર્મિંગ, સ્વચ્છ ભારત અભિયાન, આપણા તહેવારો રાષ્ટ્રીય એકતા જેવા અસરકારક વિષયો પર ઉત્કૃષ્ટ કલાત્મક રંગોળી બનાવી હતી. નિર્ણાયક તરીકે દિશા પોપટે ત્રણ વિજેતા જાહેર કર્યા હતા. સંસ્થાના નિયામક ડૉ. જુનાર દ્વારા વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપી ઈનામ આપવામાં આવ્યા હતા.

જયઅંબે પરિવાર દ્વારા ૨૭મી અંબાજી પદયાત્રાનું આયોજન

૧૮મી સપ્ટેમ્બરે શક્તિચોક ખાતેથી પદયાત્રાનું પ્રસ્થાન કરાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના જય અંબે પરિવાર દ્વારા સતત ૨૭મા વર્ષે અંબાજી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાનો પ્રારંભ તા. ૧૮મી સપ્ટેમ્બર શુક્રવારે સવારે ૯ કલાકે સેક્ટર-૧૩-બીના શક્તિચોકથી કરાશે. જય અંબે પરિવારની આ ૨૭મી પદયાત્રામાં માતાજીના રથનું પ્રસ્થાન ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાના હસ્તે શ્રીફળના અમી છાંટણાથી કરવામાં આવશે.

સેક્ટર-૧૩-બીમાં શક્તિચોક ખાતેથી શ્રી જય અંબે પરિવાર દ્વારા છેલ્લા ૨૬ વર્ષથી અવિરત પણે ભાદરવી પૂનમે અંબાજી પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ પદયાત્રામાં પદયાત્રીઓ અંબાજી મંદિરે ધજા અર્પણ કરે છે અને બપોરે ઉજાણી કરી પરત ફરે છે. આ પદયાત્રાનું પ્રસ્થાન દર વર્ષે માતાજીના રથને શ્રીફળના અમીછાંટણા દ્વારા કરાય છે. પદયાત્રા પ્રસ્થાન પૂર્વે સવારે ૭.૩૦ કલાકે મા જગદંબાનું પૂજન કરાશે અને સવારે ૮.૩૦ કલાકે માતાજીની ધજાનું પૂજન કરવામાં આવશે.

ત્યારબાદ ૯.૩૦ કલાકે માતાજીને થાળ ધરાવી મહાઆરતી કરાશે જેમાં નગરના મહાનુભાવો પણ સામેલ થશે. સવારે ૧૦ કલાકે દર્શન-પ્રસાદ અને રક્ષા સૂત્ર આશિર્વાદ યોજાશે અને ૧૦.૧૫ કલાકે 'બોલ માડી અંબે, જય જય અંબે'ની ગરબા-ધૂન સાથે રથ સાથે પદયાત્રીસંઘનું પ્રસ્થાન કરવામાં આવશે.

ઉશ્કેરણીજનક સંદેશાઓ મોકલનાર વિરૂદ્ધ પગલા ભરાશે

ગાંધીનગર, તા. ૨

રાજ્ય સરકારે મધરાતથી વોટ્સઅપ, ફેસબુક, ટ્વીટર જેવા સોશિયલ મીડિયા સેવા શરૂ કરી છે. આ સંજોગોમાં સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટ દ્વારા સામાજિક મૂલ્યોના જતન માટે સૌને કાળજી રાખવા અને સંયમ-વિવેક જાળવીને શાંતિનો માહોલ સુદ્રઢ બનાવવા રાજ્યના પોલીસ મહાનિર્દેશકે જણાવ્યું છે. રાજ્યના પોલીસ વડા પીસી ઠાકુરે રાજ્યમાં સોશિયલ મીડિયા દ્વારા ઉશ્કેરણીજનક મેસેજ, જાહેર શાંતિ જોખમાય, ઘૃણા કે દ્વેષભાવ ફેલાય અને લોકોમાં ઉશ્કેરાટ-ગભરાટ કે અફવા ફેલાય તેવા ચિત્રો, કાર્ટૂન, વીડિયો કે અન્ય લખાણ અપલોડ કરશે કે વાયરલ કરશે કે અન્ય રીતે પ્રસારીત કરશે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને ચાંપતી નજર રાખવા જણાવ્યું હતું.

ગાંધીનગરની હોટલ-રેસ્ટોરન્ટ અને નાસ્તાની લારીઓ પર પિરસાતી ડુંગળી ગાયબ

બજારમાં રૂ. ૨૦માં પ્રતિ કિલો મળતી ડુંગળી રૂ. ૮૦ પ્રતિ કિલો : ઘરમાં ગૃહિણીઓને પરિવારજનો સાથે અને હોટલ સંચાલકોએ ગ્રાહકો સાથે રકઝક કરવાનો વારો આવ્યો છે

ગાંધીનગર, તા. ૨

ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના ભાવો ઉછાળો આવતા ગૃહીણીઓને લાલ પાણીએ પાણીએ રડવાનો વારો આવ્યો છે. ત્યારે ગાંધીનગરના ઘરમાં તો ઠીક પણ હોટલ રેસ્ટોરન્ટ અને નાસ્તાની લારીઓ પર સલાડ સ્વરૂપે પીરસતી ડુંગળી ડીસમાંથી બિલકુલ અદૃશ્ય થઈ ગઈ છે. સ્વાદના રસીયાઓએ ડુંગળી વગર જ મન મનાવી લેવાનો વારો આવ્યો છે.

સમગ્ર ગુજરાતમાં ચોમાસાની શરૂઆતથી જ ડુંગળીના ભાવોમાં અસહ્ય ભાવ વધારો જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે ઓક્ટોબર નવેમ્બરમાં ભાવ ઉછાળો આવતો હોય છે. આ વખતે સંગ્રાહખોરોએ ધોધમાર વરસાદ વરસતા અને મહારાષ્ટ્રમાં ચોમાસુ નહિવત રહેતા ડુંગળીનો સ્ટોક કરી ભાવ ઊંચો લઈ ગયા છે. ડુંગળીના પાકને થયેલા વ્યાપક નુકશાનને લીધે ૨૦ રૂ. કિલો મળતી ડુંગળીના ભાવો ૩ ગણા વધી ગયા છે અને ડુંગળી હાલ ૮૦ રૂપિયે કિલો બજારમાં વેચાઈ રહી છે. પરિણામે લોકોના ઘરમાં અને બહાર હોટલ રેસ્ટોરન્ટ અને નાસ્તાની દુકાનો લારીઓ પર સલાટ રૂપે નાસ્તા સાથે અપાતી કસ્તુરી અચાનક જ ગાયબ થઈ ગઈ છે. સામાન્ય રીતે ખાવાના મોટા ભાગની ચીજવસ્તુઓમાં ડુંગળીનો વપરાશ-ઉપયોગ થતો હોવાના કારણે ગૃહીણીઓ અને હોટલ સંચાલકો ભારે પરેશાન થઈ ગયા છે. સંગ્રાહખોરોએ સસ્તા ભાવની ડુંગળીનો સગ્રહ કરી ડુંગળીના ભાવ વધારતા ગૃહીણીઓને ઘરમાં પરિવારજનો સાથે અને હોટલ સંચાલકોને ગ્રાહકો સાથે રકઝક કરવાનો વારો આવ્યો છે. ડુંગળીના ભાવો વધતા ગાંધીનગર શહેરની પ્રખ્યાત હોટલ રેસ્ટોરન્ટમાં પણ ડુંગળી પિરસવામાં નથી આવતી તો નાસ્તાની લારી ગલ્લા કે દુકાનમાં તો ક્યાંથી પિરસવમાં આવે તે તો વિચારવું જ રહ્યું.

ગ્રામહાટ ખાતે લોકમેળાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સે. ૩૦માં અક્ષરધામ મંદિર સામે ગ્રામહાટ ખાતે આજે લોકમેળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લાકક્ષાના આ લોકમેળાનું સાંજે ૫ કલાકે સખી મંડળની બહેનો દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

રાજયમાં મહિલા સશક્તિકરણના ભાગરૂપે મિશન મંગલમ્ યોજના હેઠળ જન્માષ્ટમીના પર્વ નિમિત્તે વિવિધ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતી મહિલાઓ તથા વેચાણ કરતી મહિલાઓના સંગઠનને સીધુ બજાર મળી રહે તે હેતુથી આ લોકમેળામાં સ્વસહાય જુથો દ્વારા વિવિધ સ્ટોલ્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બગસરાની એન્ટિક જ્વેલરી, કટલરી, રમકડાં, પર્સ, કવર, બેગ, ડ્રેસ, ટોપ, કુર્તા, બંગડીઓ, સાડી, લેગીંસ, ચણિયાચોળી, પૂજાપાનો સામાન, વાઘા, હિંડોળા ઉપરાંત ખાણીપીણીની આઈટમો પણ મળશે. આ લોકમેળો તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર સુધી દરરોજ ૨ થી ૮ વાગ્યા દરમ્યાન યોજાશે.

બ્રહ્મસમાજ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ચાણક્ય સેવા ટ્રસ્ટ, વડોદરા જિલ્લા બ્રહ્મ સમાજ અને ગુજરાત બ્રહ્મ સમાજના સંયુક્ત ઉપક્રમે વડોદરા ખાતે 'જીવનસાથી પસંદગી સંમેલન(૪૫મુ)નું આયોજન આગામી તા. ૩૦-૧૦-૧૫ને શુક્રવારના રોજ કરવામાં આવ્યું છે. સંમેલનમાં જોડાવા ઈચ્છુક પ્રત્યેક યુવક-યુવતિ ઉમેદવારે પોતાની રંગીન તસવીર મોકલવાની રહેશે. તેમજ પરિચય આપતી પરિચય પુસ્તિકા/ સીડી પ્રગટ કરવામાં આવશે. જીવનસાથી પસંદગી સંમેલનમાં ભાગલેવા ઈચ્છુક ઉમેદવારે વિનામૂલ્યે ઘરે બેઠા ફોર્મ મેળવવા એસ.એમ. એરા-૯૪૨૮૧૬૭૯૨૬, અશોકભાઈ-૯૮૯૮૦૨૩૪૭૯, ચંદ્રેશકુમાર તેમજ ઈશ્વર દવે, ૯ કમલકુંજ સોસાયટી ડીલક્ષ સોસાયટીની સામે નિઝામપુર વડોદરા-૩૯૦૦૦૨ ખાતે જમા કરાવી શકાશે.

જલારામ ધામ ખાતે જન્માષ્ટમીની ઉજવણી ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા. ૨

શહેરના સુપ્રસિદ્ધ જલારામ ધામ ખાતે જન્માષ્ટમીની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવશે.

લોહાણા યુવા સંગઠન દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ જલારામ ધામ ખાતે આગામી તા. ૫-૯-૨૦૧૫ને શનિવારના રોજ રાત્રે ૮.૩૦થી ૧૧.૩૦ કલાક સુધી આર. કે. સોમેસરા મ્યુઝીકલ ગ્રુપ (સ્વીટુ બારોટ)ના સંગીતના સથવારે રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ રાત્રે ૧૧.૩૦થી ૧૧.૪૫ દરમિયાન મટકી ફોડ અને રાત્રે ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. રાસ-ગરબામાં સૌથી શ્રેષ્ઠ ખેલૈયાઓને સંસ્થા દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. સેક્ટર-૨૯ જલારામ ધામ ખાતે જન્માષ્ટમીના શુભ અવસરે ભાવિ ભક્તોને સહપરિવાર પધારવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

તરણોત્તર ખાતે ત્રણ દિવસીય ઓલમ્પિકનું વિશેષ આયોજન

ગાંધીનગર, તા. ૨

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પરંપરાગત રમતોને પ્રોત્સાહન આપવા ચાલુ વર્ષે ૨૦૧૫-૧૬માં તરણેત્તર ખાતે લોકમેળામાં ત્રિદિવસીય બારમાં ગ્રામિણ ઓલિમ્પિકસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાના તરણેત્તરના લોકમેળાનું સંભવિત તા.૧૬ થી ૧૮ સપ્ટેમ્બ દરમિયાન યોજાનાર ગ્રામિણ ઓલિમ્પિકસમાં ભાઈઓ માટે ટૂંકી દોડ, લાંબી દોડ (૪ - ૧૦૦ મી. રીલે દોડ), લાંબી દોડ ૩૦૦૦ મીટર, લાંબીકુદ, ગોળા ફેંક, નારીયેળ ફેંક, કુસ્તી વોલીબોલ, લંગડી, સ્લો સાયકલીંગ, મત્સ્યવેધ (આર્ચરી) કબડ્ડી, રસ્સાખેંચ, લાકડી ફેરવવી, સ્ટ્રોંગેસ્ટમેન, ખાંડના લાડવા ખાવાની હરિફાઈ, અશ્વદોડ, બળદગાડા દોડ, અશ્વ હરિફાઈ, શણગાર અને અશ્વ હરિફાઈ રેવાલ જેવી પરંપરાગત રમતોનો સમાવેશ થાય છે. બહેનો માટેની પરંપરાગત રમતોમાં ટૂંકી દોડ, લાંબી દોડ (૪-૧૦૦ મી.રીલે દોડ) લાંબી દોડ ૩૦૦૦ મીટર, લાંબી કુદ, ગોળાફેક, વોલીબોલ, કબડ્ડી, લંગડી, દોરડા કુદ, (રોપ સ્કીપીંગ) માટલા દોડ તેમજ સાતોડી (નારગોલ) નો સમાવેશ કરાયો છે. વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે. આ ગ્રામિણ ઓલિમ્પિકસમાં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ તેમજ જિલ્લાની ટીમોએ પોતાના પ્રવેશ ફોર્મ જિલ્લા રમત ગમત અધિકારી, એ-૫, બહુમાળી ભવન, ખેરાપી રોડ, પો-રતનપુર, જિ.સુરેન્દ્રનગર-૩૬૩૦૦૦ (મો.નં.૭૬૯૮૪૬૫૦૭૦, ઓ ૦૨૭૫૨ - ૨૮૨૯૫૩)ને તા.૧૦.૦૯.૨૦૧૫ સુધીમાં મોકલી આપવાની રહેશે. આ માટેના પ્રવેશ ફોર્મ દરેક જિલ્લાની રમત ગમત અધિકારીની કચેરીએથી પણ મેળવી શકાશે, તેમ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

ગજાનંદ ફાઉન્ડેશનની ધાર્મિક સેવા

ગાંધીનગરના ગજાનંદ ફાઉન્ડેશન દ્વારા તા. ૩૦મી ઓગષ્ટે મોટા અંબાજી ખાતે ૧૨ કલાકની અખંડધૂન યોજવામાં આવી હતી. આ ઉપરાંત તા. ૧લી સપ્ટેમ્બરે ગણપતિપુરા (કોઠગાંગડ)ના ગણપતિ મંદિર ખાતે શંકર ચતુર્થીના દર્શનાર્થીઓને વિના મૂલ્યે લીંબુ શરબત પીરસવાની સેવા પણ આપવામાં આવી હતી. દર મહિનાની સંકટ ચતુર્થી નિમિત્તે ફાઉન્ડેશન દ્વારા આ સેવા આપવા માટે કેમ્પ કરવામાં આવે છે. આ વખતે આંગારક ચતુર્થી હોઈ આશરે ૪ લાખ દર્શનાર્થીઓએ મુલાકાત લીધી હતી. ફાઉન્ડેશનના ૭૦ સેવકોએ આમજા, ચાંદાસણા, મહેસાણા અને જોઈતા ગામે ભક્તોને સેવા પુરી પાડી હતી. અંબાજી ખાતે અખંડ ધૂનમાં પણ ૨૦૦ જેટલા ભક્તોએ ભાગ લીધો હતો.

રાજકોટ ખાતે અર્વાચીન-પ્રાચીન રાસ-ગરબા હરીફાઈ યોજાશે

શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા દીપ અર્ચન ૨૦૧૫ ઓપન ગુજરાત અર્વાચીન-પ્રાચીન રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન આગામી તા. ૨૫મી ઓક્ટોબરના રોજ રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. પ્રાચીન અર્વાચીન ગરબા સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક શહેરની વડનગરા નાગર, યુવતિઓએ પોતાના નામ અને મોબાઈલ નંબર શહેરના વડનગરા નાગર મંડળના પ્રમુખ સુધીરભાઈ દેસાઈ-૯૮૨૫૩૩૧૭૩૦, મંત્રી તરંગભાઈ હાથી-૯૪૨૬૬૨૨૩૫૫ પર સંપર્ક કરી તા. ૯-૯-૧૫ સુધીમાં નામ નોંધાવવા જણાવાયું છે.

''અમારી નજરે નરેન્દ્રભાઈ'' કોફી ટેબલ બુકનું વિમોચન

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રતિભા સંપન્ન વ્યક્તિત્વ વિષે વિવિધ મહાનુભાવોના પ્રતિભાવો-મંતવ્યોના સંકલિત પ્રકાશન ''અમારી નજરે નરેન્દ્રભાઈ''નું ગાંધીનગરમાં વિમોચન કર્યું હતું. શ્રી દિનેશ દેસાઈ દ્વારા સંકલિત કરાયેલા આ કોફી ટેબલ બુકનું પ્રકાશન કામનાથ મુદ્રણાલય, રાજકોટે કર્યું છે. આ વિમોચન વેળાએ રાજકોટના દૈવગ્ન વ્રજ પરિવારના શાસ્ત્રી શ્રી હરકાન્તભાઈ શ્રી કૌશિકભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.